# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૨૦ ● સળંગ અંક : ૧૨૩ ● તા.૧૮ ઓક્ટોબર થી ૨૩ ઓક્ટોબર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## અત્યાધુનિક ડિજીટલ મિડીયા સાથે

## જ્ઞાતિમૈયા

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

આ અંક સાથે આપ

## લાઈવ વિડીયો

પેજ નં.૧૦

પરનું ક્લીક બટન

દબાવો



# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૨૦ ● સળંગ અંક : ૧૨૩ ● તા.૧૮ ઓક્ટોબર થી ૨૩ ઓક્ટોબર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



## જ્ઞાતિના પ્રતિષ્ઠિત લેખક, દિગ્દર્શક અને અભિનેતા

# કમલેશ મોતાની અણધારી એક્ઝિટ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પારકી નિંદા સૌને ગમે

કહેવાય છે કે માણસની સાચી પ્રશંસા તેના મરણ બાદ જ સૌ કરે છે. તે જીવતો હોય છે ત્યારે તેના મોઢે સારી વાતો કરનાર તેની પીઠ પાછળ બદબોઈ કરતો હોય છે. આ માનવ માત્રનો સ્વભાવ છે. બે વ્યક્તિઓ ત્રીજા વ્યક્તિની વાત કરે છે અને ત્રણ વ્યક્તિ ચોથાની. જ્યારે કોઈ કોઈની પ્રશંસા કરે છે ત્યારે જેની માટે પ્રશંસા થતી હોય છે એના સિવાય ભાગ્યે જ કોઈને એમાં રસ હોય છે. સાંભળનાર બધા અંદરો અંદર મનોમન પોતાના વિચાર મમળાવી સૌ રસપૂર્વક વાત સાંભળી હોય તેમ માથું ધુણાવતા હોય છે. જાણે એ વાતમાં તેઓ સંમત છે. આ બે મોઢાળી ચાલ સૌનો સ્વભાવ છે. બીજાના ગુણ ગાવા કરતાં અવગુણ ગાવામાં અન્યોને આનંદ આવે છે. ગેરહાજર વ્યક્તિની નિંદા કરવી, તેની બદબોઈ કરવી ઘણાંની મનગમતી પ્રવૃત્તિ હોય છે.

બહુધા લોકો નિંદા કરવામાં ભારે કુશળ હોય છે. એક પાસેથી બીજાની સાંભળેલી વાત ત્રીજાને વધુ રસપ્રદ રીતે, વધારીને, અમુક વાતો વિશેષણ પોતાના ઉમેરીને કરવામાં મોજ પડતી હોય છે. આ કુટેવ છે. જે સ્વ અહંમને પોષે છે. બીજાનું ઘસાતું બોલીને પોતાની બડાઈ હાંકી લેતા હોય છે. અન્યને નીચા પાડી પોતાને ઊંચા સ્થાને બેસાડે છે. નિંદા રસ એવો સ્વાદિષ્ટ છે કે ગમે તેટલો ગળે ઉતરે પણ કોઈને સંતોષ થતો નથી. આનાથી કોઈને તૃપ્તિ થતી નથી. એટલે જાત ભાતના પોતાના મંતવ્ય, અભિપ્રાય અને ઉમેરા કરીને બત્રીસ ભોજનના થાળ પીરસતા હોય એમ પીરસે છે. જેની પાસે બીજાની નિંદા કરીએ છીએ એ આપણી ગેરહાજરીમાં આપણી પોતાની નિંદા કરશે એની કોઈ ગેરંટી કોઈ આપી શકે નહીં.

નિંદાનું એક અમોઘ અને અનોખું શાસ્ત્ર છે. તે ગ્રંથમાં સંગ્રહાયેલું નથી પણ અન્ય વ્યક્તિઓની મનોગ્રંથિમાં સંઘરાયેલું જરૂર હોય છે. આ ગ્રંથિ એવી છે કે જે ગેરહાજર હોય, એની મોજુદગી ન હોય ત્યારે જ મોકળી થાય છે, ખુલ્લી જાય છે. જે પછી આસાનીથી બંધ થતી નથી. નિંદા કરવાનો ભાવ કે હેતુ એટલો જ હોય છે કે અન્યથી આપણે હોંશિયાર છીએ, ચડિયાતા છીએ, શાણાને સમજદાર છીએ એ સાબિત કરવાનો. જે કોઈ પણ અસ્ત્ર શસ્ત્ર વાપર્યા વગર શારીરિક બળના ઉપયોગ વગર માત્ર જીભડી ચલાવીને આપણે આપણો અહંમ પોષી લઈએ છીએ. બીજાનાં છિદ્રો શોધીને અન્યો પાસે ખૂલ્લાં મૂકી દઈએ છીએ. તો આપણાં પણ બાકોરાં અન્યો માટે ઉઘાડા મૂકી દઈએ છીએ એનો ખ્યાલ આપણને સહજે હોતો નથી.

આપણાથી સશક્ત, સબળ અને આપણાથી સમૃધ્ધ હોય તેની વિષે હલકી વાતો કરવાનું આપણને ગમે છે. કારણ કે એનાથી આપણો ઈગો સંતોષાય છે કે તેની સામે બદલો લઈ લીધો. પણ જે આપણાથી નબળો હોય, નાનો હોય, તેને વધુ નીચો પાડવો આપણને ગમતો નથી. એવી સ્વભાવથી ગરીબ લાચાર અને અશક્ત વ્યક્તિ વિષેના વખાણ તો શું ટીકા કરવી પણ ગમતી નથી. આવી વ્યક્તિઓ વિષે ટિપ્પણી કરવા પણ આપણે તૈયાર થતા નથી.

કોઈની સામે છાતીએ પડકાર નથી કરી શકતા એની પાછળ એના દોષ ગણવા આપણી મનપસંદ પ્રવૃત્તિ રસદાયક વૃત્તિ છે. કારણ તે, પારકાના ગુણ, વખાણ કે તેની સિધ્ધિઓની વાત આપણે સાંભળી શકતા નથી એટલે એના વિષે ખોટી વાતો, એની નિંદા કરવી આપણને ગમે છે.

– જય જ્ઞાતિમૈયા

# સમયને સાચવી શકાતું નથી, સંભાળી શકાય છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સુખમાં છલકાવું નહીં અને દુ:ખમાં નિરાશ થવું નહીં. એવું જ્ઞાનીઓ આપણને બોધ આપે છે, સમજણ આપે છે. વિપતિનો સમય સમતા રાખીને પસાર કરી શકાય છે. મુશ્કેલીઓનો સામનો અડગતાથી, હિંમતથી અને મક્કમતાથી કરી શકાય છે. સમય પસાર થઈ જશે તેમ તેમ દુ:ખના વાદળો વિખેરાઈ જશે. સમય સાચવી શકાતો નથી, રોકી શકાતો નથી પણ, સમયને સંભાળી જરૂરી શકાય છે. શાંત ચિત, મનની મક્કમતા અને અડગતાથી આ સમયને મુકાબલો કરી શકાય છે. આપણે સમયને પડકારીએ ત્યારે કોઈને પરેશાની ન થાય એ પણ જોવું જરૂરી છે. અન્યને દુ:ખ પહોંચાડી આપણે સુખી ન થઈ શકીએ.

માણસ જેવા ભાવ ધરાવે છે એવો તેનો સમય આવે છે. બીજાની પરવાને કાળજી કરે છે ત્યારે તે આ જ ભાવ પામે છે. શુભ ભાવના હોય તો શુભને પામે અને અશુભ ભાવ રાખે તો અશુભ પામે છે. આ તો જેવું કરીએ તેવું પામીએ જેવી વાત થઈ. આપણા મનની લાગણી ભલે બહાર ન દેખાતી હોય પણ તેને આંખો, હાવભાવ અને અન્ય અંગોની લઢણથી જરૂર જોઈ શકાય.

જીવનમાં સુખ-દુ:ખ, ચડતી પડતી, ઉન્નતિ-પતન, સફળતા-નિષ્ફળતા આવતી જતી રહે છે. વહી જતો સમય કોઈનાથી રોકી શકાતો નથી. પણ તેને સંભાળી સંભાળીને વિતાવી શકાય છે. સુખનો સમય હોય એ સાચવી શકાતો નથી અને વિકટ સમય જલ્દી પસાર થઈ જાય એવું થઈ શકતું નથી પણ દરેક પળની પરિસ્થિતિ સમજી તેને અનુકુળ બનાવી સંભાળી સંભાળીને સમયને પસાર કરી શકાય. આ ઘડી પણ વીતી જશે એવો ભાવ વિચાર સુખી જીવનનો સાચો સાર છે.




# જ્ઞાતિના પ્રતિષ્ઠિત લેખક, દિગ્દર્શક અને અભિનેતા
# કમલેશ મોતાની અણધારી એક્ઝિટ





ગુજરાતી રંગભૂમિના જાણીતા લેખક, દિગ્દર્શક, નિર્માતા અને અભિનેતા તથા ભારતીય વિદ્યાભવનની સાંસ્કૃતિક પાંખ કલા કેન્દ્રના પ્રોગ્રામ ડિરેક્ટર કમલેશ મોતાએ જીવનની રંગભૂમિ પરથી અણધારી એક્ઝિટ લેતા મુંબઈનું કલાજગત સ્તબ્ધ થઈ ગયું હતું. પંચાવન વર્ષના કમલેશ મોતા ૧૨ વર્ષની વયથી ગુજરાતી તખ્તે સક્રિય હતા. મલેરિયાને પગલે સખત તાવને કારણે રવિવારે તેમને સૈફી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સોમવારે મધરાત બાદ લગભગ સાડા ત્રણ વાગ્યાની આસપાસ હૃદયરોગનો જોરદાર હુમલો આવતા તેમનું અવસાન થયું હતું. તેમના પરિવારમાં પત્ની અપરામી, પુત્ર ધ્રુવ અને પુત્રી શારવી છે. સૈફી હોસ્પિટલ કોવિડ હોસ્પિટલ હોવાથી પ્રોટોકોલ અનુસાર તેમના મૃતદેહને હોસ્પિટલમાંથી સીધો ચંદનવાડી સ્મશાનગૃહ લઈ જવાયો. સવારે સાડા સાતના સુમારે પરિવારના સભ્યો અને કેટલાક નિકટના મિત્રોની હાજરીમાં અગ્નિદાહ આપવામાં આવ્યો હતો.

બાળનાટકોથી રંગભૂમિ પર પ્રવેશેલા કમલેશ મોતાએ બાર વર્ષની વયે અન્ય બે મિત્રો સાથે મળીને 'એક દો તીન' નામના બાળનાટકનું નિર્માણ કર્યું. એ પછી કોલેજ કાળમાં ઈન્ટર-કોલેજની નાટ્યસ્પર્ધાઓનો તખ્તો ગજવ્યા બાદ ઇન્ડિયન નેશનલ થિયેટરનું સુરેશ રાજડા દિગ્દર્શિત નાટક કર્યું. બારમા ધોરણમાં હતા ત્યારે કમલેશ મોતાએ 'વંશ' નામના પ્રથમ કમર્શિયલ નાટકનું નિર્માણ કર્યું; જેમાં પ્રિયા તેંડુલકર અને રાજીવે અભિનય કર્યો હતો. આ નાટક સત્યઘટના પર આધારિત હતું. એ પછી સિદ્ધાર્થ રાંદેરિયા સાથેના નાટક 'અમારી દુનિયા તમારી દુનિયા'થી (મરાઠી નાટક નટસમ્રાટ પર આધારિત) કમલેશ મોતા અભિનેતા તરીકે પ્રસ્થાપિત થયા. નાટકમાં છેલ્લી ઘડીએ કોઈ અભિનેતાના રિપ્લેસમેન્ટ તરીકે કામ કરવામાં તેમની હથોટી હતી. પ્રિયા તેંડુલકર ઉપરાંત રોહિણી હટંગડી અને રીમા લાગુ જેવી મરાઠી અભિનેત્રીઓને ગુજરાતી તખ્તા પર લાવવાનું શ્રેય તેમને જાય છે. તો એ સમયે ટીવી પર તુલસીના પાત્રથી અપાર લોકચાહના મેળવનાર હાલના કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાનીએ તેમના દિગ્દર્શન હેઠળના 'મુક્તિધામ' નાટકમાં કામ કર્યું હતું. રાજેન્દ્ર બુટાલાના નિર્માણમાં બનેલું 'નરસૈંયાનો નાથ' દિગ્દર્શક તરીકે તેમનું નોંધપાત્ર સર્જન હતું, તો પરેશ રાવલ-અક્ષયકુમારની 'ઓહ માય ગોડ' ફિલ્મ જેના પરથી બની છે એ 'કાનજી વિરુદ્ધ કાનજી'માં પણ કામ કર્યું હતું. તો 'કલાપી' નાટકમાં રાજવી કવિની ટાઈટલ ભૂમિકા ભજવી હતી. તેમના યાદગાર નાટકોમાં 'મૃત્યુંજય', 'સરસ્વતીચંદ્ર', 'મુક્તિધામ', 'દીકરી વ્હાલનો દરિયો', 'શ્યામપ્રિયા', 'સૂર્યવંશી', 'ઓળખાણ', 'ગુરુબ્રહ્મા', 'કાચના સંબંધ', 'કૌટિલ્ય', 'બહોત નાચ્યો ગોપાલ', 'મન મળે ત્યાં મેળો'નો સમાવેશ થાય છે. તેમનું છેલ્લું નાટક 'ફાધર્સ ડે' આ વર્ષના પ્રારંભમાં આવ્યું હતું અને પછી લોકડાઉન જાહેર થતાં તેના વધુ પ્રયોગો થઈ શક્યા નહોતા.

# જ્ઞાતિના પ્રતિષ્ઠિત લેખક, દિગ્દર્શક અને અભિનેતા કમલેશ મોતાની અણધારી એક્ઝિટ



ભારતીય વિદ્યાભવન સાથે તેમનો અતૂટ નાતો ગિરેશ દેસાઈ ‘ભાઉસાહેબ’ કલા કેન્દ્રના ડિરેક્ટર હતા ત્યારથી હતો. અનેક વર્ષો સુધી ભવન્સની એકાંકી નાટયસ્પર્ધાઓ પર પહેલા સહભાગી તરીકે અને પછી આયોજક તરીકે તેમની અમીટ છાપ જોવા મળી હતી. ‘ભાઉ’ના અવસાન બાદ દીપક દવે કલા કેન્દ્રના પ્રોગ્રામ ડિરેક્ટરપદે હતા અને કમલેશભાઈ તેમના ડેપ્યુટી હતા. એ પછી દીપક દવેને ન્યૂ યોર્કમાં ભવન્સના સેન્ટરની જવાબદારી સોંપાઈ અને કમલેશભાઈએ કલાકેન્દ્રના સૂત્રો સંભાળ્યા. યોગાનુયોગે દીપક દવેનું અવસાન પણ આ વર્ષે જ થયું છે.

દસેક વર્ષ પહેલા કમલેશ મોતાને પહેલીવાર હૃદયરોગનો હુમલો આવ્યા બાદ તેમણે બાયપાસ સર્જરી કરાવી હતી. ગત રવિવારે તાવ આવ્યા બાદ મલેરિયાની સારવાર માટે તેમને ગ્રાન્ટ રોડ સ્થિત સૈફી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમનો કોવિડ ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો અને મલેરિયાની સારવાર ચાલી રહી હતી. સોમવારે રાત્રે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ છાતીમાં તીવ્ર દુખાવો થતાં તેમણે પત્નીને ફોન કરી આ વિશે જાણ કરી હતી. પરિવારના સભ્યો અને કેટલાક મિત્રો હોસ્પિટલ પહોંચ્યા હતા, પણ એ પહેલા હૃદયરોગના તીવ્ર હુમલાને કારણે તેમનું અવસાન થયું હતું. પરિવારના સભ્યોએ કોઈને પણ તેમના ઘરે ન આવવા કહ્યું છે, કેમ કે સોસાયટી બહારના લોકોને પ્રવેશ નહીં આપે. સાવચેતીના ભાગરૂપે ભારતીય વિદ્યાભવન પણ બંધ રાખવામાં આવ્યું છે. કમલેશભાઈએ લોકડાઉન દરમિયાન લોકડાઉન-૨૦૨૦ નાટયસ્પર્ધાનું આયોજન કર્યું હતું, જેમાં મુંબઈ તથા બહારના તથા વિદેશની ધરતીના કલાકારોએ ભાગ લીધો હતો. તેમણે ગુજરાતી ફિલ્મ ‘દરિયા છોરુ’ ઉપરાંત ‘થાપણ’, ‘સાથિયામાં એક રંગ ઓછો’ અને ‘એક મહેલ હો સપનોં કા’ જેવી ટીવી સિરિયલોમાં પણ કામ કર્યું હતું.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **‘Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan’** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક ‘Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan’ ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પાલિતાણા મધ્યે કચ્છી ભવના આંગણે પ.પૂ.મ.સા.ના શ્રેણીતપ અનુમોદનાર્થે વર્ધમાન શક્રસ્તવ મહાઅભિષેક પૂજન થયા









મહાતીર્થ પાલિતાણામાં કચ્છી ભવનના આંગણે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના નિશ્રામાં પ.પૂ. સાધ્વીશ્રી પૂર્ણયશાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ભવ્ય પ્રજ્ઞાશ્રીજી મ.સા., અને પ.પૂ.સાધ્વીશ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા.ના શ્રેણી તપ અનુમોદનાર્થે વર્ધમાન શક્રસ્તવ મહાઅભિષેક પૂજન ભક્તિ ભાવપૂર્વક યોજાયા.

સંઘના શ્રાવક શ્રાવિકાઓ હર્ષોલ્લાસથી આ ધર્મ આરાધનાનો ભાવપૂર્વક લાભ લીધો હતો.



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ





## સ્વ.ઠાકરશી ગોશર

**(ઉ.વ. ૮૪)**

**ગામ : કચ્છ -બાયઠ, હાલે - ઘાટકોપર**

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ.જૈન મહાજન ટ્રસ્ટના પ્રમુખશ્રી ઠાકરશી મેઘજી ગોસરના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી હૃદયના ધબકારા ચૂકી જવાય એવો કારમો આઘાત લાગ્યો. ઈશ્વર આગળ આપણું કાંઈ પણ ચાલતું નથી. આ આઘાત સહન કર્યે જ છુટકો.

તેઓશ્રી આપણી ક.દ.ઓ.જ્ઞાતિના એક ધરોહર વૃક્ષ જેવા વિરલા હતા. તેઓશ્રી બાયઠ મહાજનશ્રીના પ્રાણ સમાન હતા. અમારા સૌના માટે તેઓ પિતા તૂલ્ય વડીલશ્રી જેવા અપ્રતિમ વિરલ માનવી હતા. તેઓ ખરેખર અજાત શત્રુ હતા. તેમને માદરે વતન પ્રત્યે અથાગ સ્નેહ અને લાગણી હતી. તેઓશ્રી આપણી જ્ઞાતિના એક અણમોલ રત્ન હતા. વ્યવસાયે તેઓ આપણી જ્ઞાતિના અગ્રણી ચાર્ટડ એકાઉન્ટન્ટ હતા.

બાયઠ મહાજનશ્રીના છેલ્લા ચાલીસ વર્ષોથી પ્રમુખ હતા. તેમણે જ્ઞાતિની અગ્રણી સંસ્થાઓ જેવી કે સમસ્ત મહાજનના સ્થાપકમાંના એક હતા. શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી પણ હતા. જ્ઞાતિની એકમાત્ર બેન્ક, અરિહંત બેન્કના સ્થાપક અને ચેરમેન પદે રહ્યા હતા. અન્ય સંસ્થાઓ સાથે પણ જોડાયેલા હતા. તેમણે દરેક સંસ્થાઓમાં અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓ દીર્ઘદ્રષ્ટિ, દુરંદેશી તથા સુઝબુઝવાળા સહૃદયી માનવી હતા. સૌને સાથે રાખી કાર્ય કરતા હતા. અમારા મહાજનશ્રીને શૂન્યમાંથી વિશાળ વટવૃક્ષ જેવી માતબર સંસ્થા બનાવનાર કર્તવ્યનિષ્ઠ અને કર્મવીર વડીલશ્રી હતા. જ્ઞાતિને એમની ખોટ સદાય સાલતી રહેશે.

ગોસર પરિવાર તથા બાયઠ મહાજનશ્રીને પડેલ ખોટ ક્યારે પણ પૂરી શકાશે નહિ. પરમ કૃપાળુ પરમાત્મા આપના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે અને દિવગંત આત્માને મોક્ષગામી બનાવે એવી વિનમ્ર ભાવે પ્રાર્થના. સમગ્ર બાયઠવાસીઓ, બાયઠ મહાજનશ્રી, ટ્રસ્ટ તથા બાયઠ જૈન સંઘ વતી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપતા વિરમવાની રજા લઈએ છીએ.

**-ઃ શોકાતુર ઃ-**

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા સમગ્ર બાયઠવાસીઓ**

**માનદમંત્રીઓ શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા તથા શ્રી રાજેન્દ્ર વેલજી પોલડીયા**

# ભાંડુપ સંઘમાં પ.પૂ.સા.શ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.ની આયંબિલ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે ધર્મ આરાધનાઓ





તા.૧૧ ઓક્ટોબર રવિવાર દિને શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપમાં રવિપુષ્પ યોગ તથા પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.ની ૬૪-૬૫મી આયંબિલની સળંગ ઓળી પૂર્ણાહૂતિના પ્રસંગની ધામધૂમપૂર્વક આરાધના થઈ હતી સાથે શક્રસ્તવ અખંડ ધારા અભિષેક ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખશ્રી નયનભાઈ ભેદાએ સજોડે લાભ લીધો. ત્યારબાદ પ્રભુનો જન્મોત્સવ સ્નાત્ર પૂજા ધર્મ આરાધના ઉલ્હાસ ભાવથી વાજતે ગાજતે પૂર્ણ થઈ.



## ભાંડુપ સંઘની પોતાની યુટ્યુબ ચેનલ આવી ગઈ છે

કેડીઓ જૈન ભાંડુપ સંઘના સૌ પરિવારોના નાના મોટા મેમ્બરને અતિહર્ષ સાથે સમાચાર શેર કરવા છે કે હવે ભાંડુપ સંઘની પોતાની યુટ્યુબ ચેનલ શરૂ કરી છે. આ લીંકને ક્લીક કરો અને સબસ્ક્રાઈબ કરો જેથી જ્યારે ભાંડુપ સંઘનો કોઈપણ પ્રોગ્રામ થશે તો તમને આપોઆપ પ્રોગ્રામનો નોટિફિકેશન આવશે જેનાથી તમે પ્રોગ્રામ જઈ શકશો-માણી શકશો.

આ વર્ષની નવરાત્રી દરવર્ષની જેમ અનંત મિત્ર મંડળ આયોજિત આ ચેનલ પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે. નીચે આપેલ લીંક કલિક કરી જોઈન થાવ સંઘના લાઈવ પ્રોગ્રામમાં યુટ્યુબ લીંક છે. https://www.youtube.com/channel/UCKPZ2YIxx1ahpxjGeiFPeFg

# બીટુબી એટલે બિઝનેસ ટુ બિઝનેસ

સમસ્ત મહાજન એ આપણા સમાજ માટે ધંધાકીય પ્રગતિ માટે એક નવું પ્લેટફોર્મ તૈયાર કર્યું છે જેમાં ઉત્તરોત્તર એક અનોખું અને નીતનવા પ્રયાસ સમયાંતરે કરી રહ્યા છીએ. જેમાં વિવિધ પ્રકારના નાના, મોટા વેપાર-વાણીજ્ય જોડાઈને પોતાના વ્યાપારનો દેશ-વિદેશમાં વિસ્તાર કરી રહ્યા છે. બીટુબીમાં ઉત્તરોત્તર પ્રગટિ માટે નવું મોરપંખ ઉમેરાયું જે છે ડિજીટલ ટેક્નોલોજી ફક્ત બે મહિનામાં જ ફેસબુક પેજમાં ૩૫૦૦થી વધુ આપણા કેડીઓ ભાઈ-બહેનો જોડાયા તથા આ ફેસબુક પેજના સરેરાંશ ૯૦૦૦ જેટલા વ્યુવર્સ છે આ ફેસબુક પેજ પર વિડીયો મારફતે પોતાના વ્યાપારની માહિતી આપી શકાય છે. આ ફેસબુક પેજ પર જોડાવવા માટે નીચે આપેલ લીંક ઉપર ક્લીક કરો

**ફેસબુક પેજ પર જોડાવવા માટે ક્લીક કરો**




તદ્દુપરાંત સમસ્ત મહાજનની મિડીયા ટીમનો સંપર્ક કરીને જ્ઞાતિમૈયામાં પણ નજીવી કિંમત ચૂકવી આ પ્રકારની ડિજીટલ ટેક્નોલોજીનો લાભ પણ લઈ શકો છો અને ડિજીટલ મિડીયાની જાણકારી માટે મિડીયા સમિતિનો સંદેશ જુઓ તથા ડિજીટલ મિડીયા બાબત તમારા વિચારો વ્યક્ત કરવા નીચે આપેલ ડિજીટલ મિડીયાનું ફોર્મ ભરો

**મિડીયા સમિતિનો એક સંદેશ**




**વર્ષા લોડાયા - ૮૮૫૦૪૮૬૭૮૧**

**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪**

**ડિજીટલ મિડીયામાં જોડાવવા માટે ક્લીક કરો અને ફોર્મ ભરો**



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



-: જન્મ :-
તા.૦૪-૦૧-૧૯૩૭

-: દેહવિલય :-
તા.૦૭-૧૦-૨૦૨૦

## સ્વ.ઠાકરશી મેઘજી ગોશર ઉ.વ. ૮૪

ગામ : કચ્છ -બાયઠ, હાલે - ઘાટકોપર

જીવનમાં સદાય પ્રેમમાં દીપ પ્રગટાવ્યા,
વ્હાલપના વાદળ હેત સભર વરસાવ્યા,
સ્મૃતિમાં હવે છે, માત્ર લાગણી ભીના સંભારણા,
વહેશે અવિરત આપની પ્રત્યે આદરના અમી ઝરણાં.

## માતુશ્રી મિઠીબાઈ મણિલાલ ખોના - સુથરી

રાજેન્દ્ર મણીલાલ ખોના
અશ્વિન મણીલાલ ખોના

# કચ્છ રાયધણજર સંઘમાં શ્રી વિમલનાથ પ્રભુજીની આરાધના કરાઈ



બુધવાર તા.૧૪ ઓક્ટોબર રોજે કચ્છના રાયધણજર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શ્રી વિમલનાથ પ્રભુજીની આરાધના અતિ હર્ષોલ્લાસ ભર્યા માહોલમાં થઈ.

સંઘના બહુસંખ્ય શ્રાવક શ્રાવિકાઓ અનન્ય ભક્તિભાવથી એમાં સહભાગ થઈ આ ધર્મ આરાધનાનો ભવ્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા અને ધન્યતા અનુભવી હતી.

# નવરાત્રિના દિવસોમાં પંદર દિવસની રિધ્ધિ સિધ્ધિ સમૃધ્ધિ શાંતિદાયક મહા આરાધનામાં જોડાવો

આસો સુદ એકમથી પૂનમ સુધીના ૧૫ દિવસો સાધનાના આ વિશિષ્ટ દિવસો હોય છે. જેમાં પોતાના પુણ્યની વૃધ્ધિ થાય એ માટે આ પંદર દિવસોમાં કરાતી મંત્ર સાધના બહુ જ પરિણામ દાયક રહે છે.

નવરાત્રિના પ્રથમ દિવસથી આરંભ થતી અને આયંબિલની ઓળીના અંતિમ દિવસ, પંદર દિવસ સુધીની આરાધના જે કોઈને ઘરમાં રહીને પણ જોડાવવા ઈચ્છુક હોય તેમણે પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો સંપર્ક કરો.

વર્તમાન પરિસ્થિતિમાં જીવનમાં દર પ્રકારની સિધ્ધિ સુખ અને પરમ શાંતિ પ્રદાન કરતી આ પંદર દિવસની સાધના આરાધના કોઈપણ કરી શકે છે. નિયમનું પૂર્ણ પાલન કરી આપ નિશ્ચિત રૂપથી પોતાના જીવનમાં પોઝિટિવ પરિવર્તન જરૂર લાવી શકશો.

જે માટે કૃપયા મિહિરભાઈનો મો.નં.૭૯૭૭૫૭૮૮૫૯ ઉપર સંપર્ક કરવો.

# યુવા મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ની મૌન સાધનાની અવધિ ૧૫ દિવસ વધુ લંબાવાઈ

પ્રભુજીની અસીમ કરૂણા અને ગુરૂદેવની કૃપાથી યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણ વલ્લભસાગરજી મ.સા.ની હાલમાં ચાલી રહેલ ૪૫ દિવસની મૌન સાધનામાં વધુ ૧૫ દિવસનો વધારો કરાયો છે. પૂજ્યશ્રીની અતિ વિશિષ્ટ પ્રભાવશાળી અર્હમ સાધના હવે ૬૦ દિવસ બે મહિનાની રહેશે. જેના પારણા એવમ પૂર્ણાહૂતિ તા. ૧ નવેમ્બર રવિવારના દિવસે થશે.

અભ્યાંતર સાધનાની અલૌકિક દુનિયામાં સફળતા પૂર્વક આગળ વધી અતિ ખોજ કરવાનો આનંદની અદ્ભુત અનુભૂતિ કરનારા આત્મીય પૂજ્ય મુનિવરને વંદન.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કોડાયના મનીષ હીરજી વિસરીયા મુંબઈમાં માસિક છ આંકડાનો પગાર ગાર્મેન્ટ સેક્ટરમાં મેળવતા હતા. તે છતાં લોકડાઉના સળંગ મારથી ત્રસ્ત થઈ વતન કોડાય ભેગા થઈ પશુપાલનનો વ્યવસાય સ્વીકાર્યો. દેશી ગાય રાખી આત્મનિર્ભર બનવાનું સાહસ કર્યું. દેશી ગાય અને ગીરની ગાયના દૂધમાં પૌષ્ટિક ગુણવત્તા ઊંચી હોવાથી તે દૂધમાંથી બનતા ઘી, માખણ, છાશ વિગેરે સ્વાસ્થ્ય વર્ધક હોય છે. તેથી દૂધનો વ્યવસાય તેમને પસંદ છે. જેથી વરસાગત વ્યવસાય સ્વીકાર્યો. જેમાં તેમના માતા, પત્ની અને ટીમ વર્કરોનો સાથ મળે છે. કચ્છમાં સારો વરસાદ પડે તેમજ ખેતી સાથે પક્ષુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન મળે તો કચ્છી લોકોને મુંબઈ કે અન્યત્ર વ્યવસાયાર્થે ન જવું પડે અને કચ્છ સમૃધ્ધ બને એમ તેઓ કહે છે.

● અબડાસાના ડુમરા ગામે આશરે છ એકરમાં લાલ, મીઠા વિદેશી ડ્રેગન ફ્રુટ તૈયાર થાય છે. કચ્છ જિલ્લામાં હવે ડ્રેગન ફ્રુટની ખેતી સફળ રીતે થઈ રહી છે. તો અબડાસામાં આ આધુનિક ફ્રુટની બાગાયતી ખેતી મેદાન માર્યું છે. ડુમરાના સાવલા ફાર્મ હાઉસના પ્રકાશ સાવલા અને ઉત્તમ સાવલા પ્રગતિશીલ ખેડૂત તરીતેનામ કમાવ્યું છે. તેઓ જણાવ્યું કે ડ્રેગન ફ્રુટની ખેતી માટે તેઓ માહિતી મેળવવા છ રાજ્યની મુલાકાત લીધી. એક એકરમાં ૧૬૦૦ જેટલા છોડનું વાવેતર થાય છે. પ્રથમ વખત પાંચથી ફૂટ લંબાઈના છોડ પર ૧૦ થી ૧૨ ડ્રેગન ફળનું ઉત્પાદન થાય છે. આજ છોડ બીજા વર્ષે ૪૦ થી ૫૦ ફળ આપે છે. ૪૦૦ થી ૫૦૦ ગ્રામનું એક ફળ હોલસેલમાં ૨૦૦ થી ૨૫૦ રૂપિયા કિલો વેંચાય છે.

● લોકડાઉન વચ્ચે એક મિનિટની ચેલેન્જ અપાતી હતી. જેમાં એક હાથના ઉપયોગથી ઓછામાં ઓછા ૬૦ સિક્કા એક ઉપર એક ગોઠવવાના હતા. જેમાં એક મિનિટમાં એક ઉપર એક ૭૩ સિક્કાને રાખીને ભુજના પંચમ જયેશ મેઘનાની એ સિધ્ધિ મેળવી હતી. જીએસટી આવકવેરાના એડવોકેટનો વ્યવસાય કરતાં પંચમે લોકડાઉનના સમયમાં વર્ક ફ્રોમ હોમની સાથે રેકોર્ડ ફ્રોમ હોમ સાર્થક કરતી સિધ્ધિ મેળવી હતી. આ વિક્રમ ઓનલાઈન પધ્ધતિથી બનાવાયું હતું. જેમાં તમામ આધારો, ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા ટીમને રજૂ કરાયા હતા. સંસ્થાના સિનિયર જજ મિલન સોની અને દેવ્યાની મિલન સોની એ શુભેચ્છા આપી પ્રમાણ પત્ર આપી બિરદાવ્યા હતા. તેમજ વિક્રમ સ્થાપનાર વિજેતાને ૧૦૦ વૃક્ષનું વાવેતર કરવા અનુરોધ કર્યો હતો.

● માનવએ ઘણે અંશે પ્રકૃત્તિ-પર્યાવરણ સાથે કરેલા છેડાની અસર હેઠળ ઉદભવેલા કોરોના વાયરસને નિયંત્રિત રાખવા માટે લોકડાઉન લદાયું. આને લીધે ધંધા રોજગારની બૂરી વળે થઈ તો આ તાળઆ બંધીની એક હકારાત્મક અસર એ જોવા મળી કે પ્રદુષણમાં નોંધપાત્ર ઘટાડો થયો. ઔદ્યોગિક ગતિવિધિથી ધમધમતા કચ્છમાં લોકડાઉન દરમ્યાન ૬૫ ટકા સુધીનો મોટો ઘટાડો નોંધાયો હતો. આરોગ્ય માટે જોખમ એવા પાર્ટિક્યુલેર મોટર્સ (પી.એમ) પૂર્વ કચ્છ ઔદ્યોગિક વિસ્તારમાં ૫૫.૪ ટકા, રહેણાંક વિસ્તારમાં સરેરાશ ૫૧.૮ ટકયા, પશ્ચિમ કચ્છ ઔદ્યોગિક વિસ્તારમાં ૬૪.૧ ટકાનો અને રહેણાંક વિસ્તારમાં સરેરાશ ૪૭.૪ ટકાનો ઘટાડો દર્જ કરાયો હતો.

● કચ્છ બિદડાના રમેશભાઈ ધારશી છેડયાનું કોરોના મહામારીના કપરા સમયમાં સેવા બજાવી એ માટે નિર્ભય પોલીસ ટાઈમ્સ અખબાર દ્વારા કોરોના યોધ્ધા તરીકે સન્માન કરાયું હતું. તેઓ જુદી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. લોકડાઉનની શરૂઆત થઈ ત્યારથી મુંબઈ વિસ્તારના પોલીસ કર્મચારીઓને સાંજના સમયે ચા અને ગરમ નાસ્તો ભોઈવાડા પોલીસ સ્ટેશન, સુપારી બાગ અને કિડવાઈ નગર પોલીસ સ્ટેશને અઢી મહિનાથી વધુ સમય માટે પૂરો પાડ્યો હતો. લાલબાગ વિસ્તારમાં તેમની અનાજ દુકાન અને ફરસાણ તથા મીઠાઈનું જનતા ફૂડ નામે જાણીતું કારખાનું છે. તેઓ તરૂણ મિત્ર મંડળની આઈ ડોનેશન પેનલમાં છે, જૈન સેવા મંડળ લાલબાગમાં આઠ વર્ષથી ટ્રસ્ટી છે. બિદડા સોશિયલ ગ્રુપની કમિટીમાં સક્રિય છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



લીલાવંતી પ્રવિણ શિઆલ
તા.૧૫ ઓક્ટો. (ઉ.૫૮)
જખૌ-ડોંબિવલી



હીરલા લક્ષ્મીચંદ શિઆલ
તા.૧૩ ઓક્ટો. (ઉ.૭૯)
જખૌ-મુલુંડ (પ.)



જયંતીલાલ લખમશી ધરમશી
તા.૧૩ ઓક્ટો. (ઉ.૭૮)
ગોરખડી-મુલુંડ (પ.)



લાલજી ટોકરશી લોડાયા
તા.૧૩ ઓક્ટો. (ઉ.૮૧)
કોઠારા-પાંચોરા





હર્ષલ પ્રમોદ નાગડા
તા.૧૫ ઓક્ટો. (ઉ.૩૪)
લાલા-બુરહાનપુર



અશોકભાઈ ઝવેરચંદ ધરમશી
તા.૧૦ ઓક્ટો. (ઉ.૪૨)
જસાપર-ગોંદિયા



વિનોદભાઈ હરપાર ધરમશી
તા.૧૬ ઓક્ટો. (ઉ.૭૫)
જખૌ-મુલુંડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**


**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**


**Read E-Paper http://www.kdosm.org**


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya
Weekly E-magazine KDO